# **'શ્રી અજિતશાંતિસ્તવ'**

## - ડૉ. અભય દોશી

'**અજિતશાંતિસ્તવ**'માં મુખ્યત્વે બે તીર્થંકરોની વાત કરવામાં આવી છે. અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન. આ બંને ભગવાનનો જે સ્તોત્ર છે તેના રચયિતા વિશે જાણીએ. મહાકવિ નંદિસેણમુનિ છે. જૈન પરંપરાની અંદર બે નંદિસેણમુનિ જોવા મળે છે. નેમિનાથ પરંપરાના નંદિસેણમુનિ અને બીજા મહાવીર ભગવાનના શિષ્ય વર્ગના મુનિ. પ્રસ્તુત સ્તોત્રના રચયિતા આ બંને માંથી કોણ છે તે નિશ્ચિત કરી શકાતું નથી. અનેક ધર્મધરસૂરિઓએ જૈન આગમોની ગાથાઓ સાથે મેળવીને નક્કી કર્યું કે અજિતશાંતિસ્તવ રચના મહાવીર પરંપરાના શિષ્ય **નંદિસેણમુનિએ** કરી છે.

નંદિસેણમુનિ એકવખત શત્રુંજય પર્વતની યાત્રાએ આવ્યા. એક પછી એક જિનાલયોને નિહડતા ચંદન તળાવડીએ પહોંચીને જુએ છે તો, અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન બંનેની દેરીઓ સામસામે હતી. આ મહામુનિને થાય છે કે, એકની વંદના કરશે તો બીજાને ખૂંટ પડશે. બંનેને સાથે વંદના કરવા માટે વચ્ચે જ બેસીને એક પછી એક શ્લોકોની રચના કરવા લાગ્યા. સંગીતમય અને છંદોબધ્ધ એવી આ રચના છે. આ વ્યક્તિએ તેઓના શ્લોક દ્વારા સામ-સામે આવેલી બંને દેરીઓને બાજુમાં મુકી દીધી. એક પ્રકારની સંગીતની સુયોજિત યોજના જેના ધ્વનિના નાદ દ્વારા આ મોટો ચમત્કાર સર્જાયો છે.

'અજિતશાંતિસ્તવ'માં બે તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે, તે પણ ખૂબ રહસ્યમય છે. શત્રુંજય પર આ બંને તીર્થંકરોએ ચોમાસું કર્યું હતું. અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનની યાદગીરીમાં બંને તીર્થંકરોની દેરી ત્યાં બિરાજમાન કરવામાં આવી હતી. આપણી પરંપરાના કહેવા મુજબ ૨૩ તીર્થંકરો શત્રુંજય પર્વત પર આવ્યા હતા. પણ તેમાંથી માત્ર બે જ તીર્થંકરોએ ચાતુર્માસ કર્યું હતું. એ પણ આપણી પરંપરા જ કહે છે. શાંતિનાથ ભગવાન સાથે ચોમાસામાં ભયાનક ચમત્કાર સર્જાયો હતો. ભયાનક સિંહે આવીને એક જિનાલયનું નિર્માણ કર્યું હતું. માટે જ આપણે પહેલું ચૈત્ય વંદન શાંતિનાથ ભગવાનનું કરતાં હોઈએ છીએ. આ જગતની અંદર સર્વે જીવો શાંતિને ઈચ્છે છે. વાસ્તવિક શાંતિ ત્યારે જ મળે જ્યારે મનુષ્ય ભય રહિત બને છે. કર્મની આખી શૃંખલામાં આપણે બંધાયેલા હોવાથી ભય લાગતો હોય છે. આ સર્વે ભયોને જીતવા માટે અજિત બનવું આવશ્યક છે. એ જ રીતે આપણા બધા જ પાપોને નષ્ટ કરીને શાંતિને

પામવી પડે. આથી અજિતનાથ અને શાંતિનાથ ભગવાન સર્વે પાપોને જીતવાની વાત કરે છે અને તેના દ્વારા જ ભય દૂર થાય છે અને પરમ શાંતિને પામે છે.

'અજિતશાંતિસ્તવ' **૩૮**-ગાથાઓ અને પ્રશસ્તિની **ત્રણ** ગાથાઓમાં સમાયેલો છે. તે સુમધુર એવી પ્રાકૃત ભાષામાં લખાયેલો છે. પ્રતિક્રમણમાં પણ છેલ્લે અજિતશાંતિસ્તવ સમયે બધા જ જાગૃત થઈ જાય છે. તેમાં વિવિધ પ્રકારના **૨૨**થી વધારે છંદોનું વૈવિધ્ય પણ જોવા મળે છે. આખા યુગમાં અજિતશાંતિ સ્તવનો એટલો પ્રભાવ રહ્યો, ૮મી સદી પછી આ રચનાના અનુકરણો પણ થવા લાગ્યા. ૭થી વધારે અનુકરણ આપણને મળે છે. જૈનમુનિઓએ વિવિધ ભાષાઓમાં તેની મંત્રાત્મક રચનાઓ પણ કરી. તેમાં વીરગણિની રચનાને સૌથી જૂની માનવમાં આવે છે. એ રચનાને નવસ્મરણમાં સ્થાન મળ્યું છે.

પ્રકૃત ભાષાના સૌંદર્ય અને તેની ભાવનાત્મક ઊંચાઈને પામવા તેનું એક ઉદાહરણ જોઈએ. દેવગણિની રચનામાં ચ્યવનનું ઉચ્ચારણ થયું છે. 'હે અજિતનાથ અને શાંતિનાથ ભગવાન! આપ માતાના ગર્ભમાં અવતર્યા, ત્યારે દેવલોકના સ્વામી ભક્તિના ભાવથી ભવિત થઈ જેમની માતાઓની સ્તુતિ કરી છે એવા એ બંને વંશના આભૂષણ એવા અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન આનંદને પામનારા થાઓ.' એ જ રીતે જયશેખરસુરિની રચના પણ ખૂબજ માર્મિક છે. કવિ કહે છે, 'પુણ્યરૂપી રથને સારા માર્ગે લઈ જનારા ઋષભ સામા વિસ્તાર વાળા, સંસારરૂપી મહાનદીને કિનારા સમાન, સિધ્ધીરૂપી સ્ત્રીના કાનના આભૂષણ સમાન હે અજિતનાથ અને શાંતિનાથ ભગવાન, અમને આત્માની શાંતિને આપનારા થાઓ.' જૈન દર્શનમાં કર્મના ચાર પ્રકારો દર્શાવ્યા છે. પુણ્ય છે, પરમાત્માની આજ્ઞા પ્રમાણે આપણું જીવન જીવવામાં આવે, પરમાત્માની ભક્તિને હ્રદયમાં રાખીને જીવન જીવવામાં આવે, ત્યારે જ એ પુણ્ય સુપથ એટલે કે પુનઃ પુનઃ પુણ્યને આપનારું બને છે.' આવી સુમધુર રચનાઓની પરંપરાનો અભ્યાસ કરવા માટે આવી રચનાઓને ખૂબજ બારીકાઈથી કરવો પડે.

## ➢ <u>અજિતનાથ ભગવાન</u>

તેઓ બીજા તીર્થંકર છે. નામ પરથી જ ખ્યાલ આવે છે કે તેઓ વિજયના ભગવાન છે. જ્યારથી તેઓ ગર્ભમાં આવ્યા ત્યારથી જ તેઓને વિજય મળવા લાગ્યો. માતા-પિતાની જોડે સોગઠાંની રમત રમતા ત્યારે માતા શરૂઆતમાં હારી જતાં, પરંતુ જ્યારથી અજિતભગવાન માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી તેઓ વિજય મેળવવા લાગ્યા અને તેથી જ તેમની માતાએ તેમનું નામ **અજિત** રખવાનું નક્કી કર્યું. તેઓની બીજી વિશેષતા એ છે કે તેમના સમયમાં ૧૭૦

જેટલા તીર્થંકરો હતા. ૩૨ વિજયોમાં એક અજિતનાથ ભગવાનનું સ્મરણ કરીએ એટલે ૧૭૦ તીર્થંકરનું સ્મરણ થઈ ગયું કહેવાય. પાલિતાણામાં આ ૧૭૦ તીર્થંકરોને બિરાજમાન કરવામાં આવ્યા છે. ઋષભદેવ ભગવાન સૌથી પહેલા થયા, પરંતુ તેમના સમયમાં લોકો ઋજુ અને જડ હતા. ધર્મની વિશિષ્ટ સમજણનો પ્રારંભ અજિતનાથ ભગવાનના સમયથી થયો. સૌથી પહેલા મોક્ષે જનારા પણ અજિતભગવાન છે. કુમારપાળ રાજા યુદ્ધમાં એક પરાક્રમી રાજા સામે વારંવાર હારી જતાં હતા. એમણે મંત્રીને પુછ્યું. તેના દ્વારા ખ્યાલ આવ્યો કે હેમચંદ્રાચાર્યે એક ભાઈના ઘરના મંદિરમાં અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવી છે. તેઓના દર્શન કરીને જશો તો વિજય મળશે. ખરેખર આવું જ થયું. કુમારપાળ રાજાએ વિજય મેળવ્યો અને તેની સ્મૃતિમાં ભવ્યાતિભવ્ય અજિતભગવાનના મંદિરનું નિર્માણ કર્યું.

## ➢ શાંતિનાથ ભગવાન

શાંતિનાથ ભગવાનની કથા અદ્દભુત અને રસમય છે. એક વ્યક્તિનું પુણ્ય કેવું? એક ભવમાં તીર્થંકરના પુત્ર બને, એક ભવમાં બળદેવ-ચક્રવર્તી બને અને છેલ્લા ભવમાં ફરી ચક્રવર્તી અને તીર્થંકર બંને બને. એટલું જ નહીં, પોતે આગલા ભવમાં તીર્થંકરના પુત્ર હોય ત્યારે પણ વિશિષ્ટ જ્ઞાનની અવધિના માલિક હોય. તીર્થંકર પોતે રાજાની અવસ્થામાં હોય, અને એમને જે અવધિ જ્ઞાનથી દેખાય એનાથી વધારે શાંતિનાથને દેખાય. એમના આત્માની શુધ્ધિ અને પુણ્યનો પ્રકલ્પ ખૂબ વિશિષ્ટ છે. હસ્તિનાપુરની બહાર શાંતિનાથ ભગવાનનું કેવળજ્ઞાન કલ્યાણક થયું હતું. એક વખત બળદેવ, બે વખત તીર્થંકર પુત્ર, બે વખત ચક્રવર્તી એવા આ તીર્થંકર છે. વિશ્વભરના જિનાલયમાં સવારે શાસ્ત્ર ભણાવવામાં આવે તો શાંતિનાથ ભગવાનની પંચતિર્થી બિરાજમાન કરવામાં આવે. આવા મહિમાવંત આપણા શાંતિનાથ ભગવાન છે. શાંતિકર્મ, લઘુશાંતિ, બૃહદશાંતિ, અજિતશાંતિ કે શાંતિધારા પાઠ હોય. આ બધીજ રચનાઓના કેન્દ્રમાં શાંતિનાથ ભગવાનની ઉપાસના રહેલી છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભટકતા અનેક જીવોને શાંતિનો છાયો આપવાનું કામ શાંતિનાથ ભગવાન કરે છે.

## ➢ અજિતશાંતિસ્તવ રચના

શરૂઆતમાં એવું લાગે કે ભક્તિભાવપૂર્વક ગુણગાન ગાયા છે. પણ એવું નથી. સાધકને માર્ગદર્શક મળે. કોઈપણ મહાન કવિની રચના એવી હોય છે કે તેનું એક રચનાસુત્ર હોય છે. આ રચનાસુત્ર સાધકને ધ્યાન સમયે માર્ગદર્શન મળી શકે તેવું છે. તે ત્રણ પ્રકારના ધ્યાનની વાતને જોડનારું છે.

- **પિંડસ્થ**
- **પદસ્થ**
- **રૂપાતિત**

## ➢ <u>**પિંડસ્થ :**</u>

આ ત્રણ પ્રકારના ધ્યાનની આખી શૃંખલાને સાધક કેવી રીતે સિધ્ધ કરી શકે તે માટેની યોજના કવિએ આ સ્તોત્રમાં કરી છે. આ સ્તોત્રનો પ્રારંભ **પિંડસ્થ** ધ્યાનથી થાય છે. પિંડસ્થ એટલે **પરમાત્માનું સંસારી સ્વરૂપ**. સંસારી સ્વરૂપ પણ બે પ્રકારનું છે. બંને સ્વરૂપોને કવિએ ખૂબ સુંદર રીતે વર્ણવ્યું છે. અજિતનાથ અને શાંતિનાથ ભગવાનના ગુણોનું વર્ણન કરી, એમના રૂપને વર્ણવાનો પ્રયત્ન કર્યો છે. અજિતનાથ ભગવાન અયોધ્યામાં જન્મ્યા હતા, તેનું વર્ણન અને ત્યારબાદ તેઓની સમગ્ર ક્રાંતિનું વર્ણન કરવામાં આવ્યું છે. તેઓની હાથી સમાન તુલના કરી છે. ભાવિ, દીવી અને વિશાળ કાયા અને સુવર્ણ વર્ણ ધરાવતા અજિતનાથ ભગવાનનું સૌંદર્ય અહીં ઉપસી આવે છે. તેવી જ રીતે શાંતિનાથ ભગવાન પૂર્વાવસ્થામાં ચક્રવર્તી હતા તે સમણું મુખ્યત્વે વર્ણન કરવામાં આવ્યું છે. ૬૪૦૦૦ સ્ત્રીઓના સ્વામી હતા. પુષ્કળ પ્રમાણમાં હાથી, ઘોડા, રથ ધરાવતા હતા. આ બધુજ વર્ણન કરવા પાછળનો મુખી હેતુ એ હતો કે આટલા મોટા ચક્રવર્તી હોવા છતાં સમગ્ર સંસારને વાંસના તણખલાની જેમ છોડી દીધો. પ્રભુમાં વૈરાગ્યની મહત્તાને તાપવા તેમનું આ પ્રકારે વર્ણન કરવામાં આવે છે. આવા શાંતિનાથ ભગવાનની વાત કરવા માટે વિશિષ્ટ છંદનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

બીજા તબક્કામાં પરમાત્માના મહામુનિ રૂપને વર્ણવે છે. મુનિઓના મહાન રૂપને ધારણ કરનાર, અજ્ઞાનરૂપી અંધકારને છેદનારા, પરમ સંત્વવંત, જ્ઞાન વડે ભવ્ય જીવોને મોક્ષને માર્ગે લઈ જનારા, તેઓની સૌમ્યતા, તપશ્ચર્યા, સ્થિરતા ધરાવતા ભગવાનનું અદ્દભુત વર્ણન કર્યું છે. નમ્રતા, મૃદુતા અને સંતોષ સાથે ધીર-ગંભિર અવસ્થાને ખૂબજ તટસ્થ રીતે વર્ણવી છે. આમ પિંડસ્થ ધ્યાનની બે અવસ્થાઓ **રાજ્યાવસ્થા અને કેવળજ્ઞાન** અવસ્થાનું વર્ણન કરીને પદસ્થ ધ્યાનનો પ્રારંભ કરે છે.

## ➢ <u>**પદસ્થ :**</u>

પરમાત્માના કેવળજ્ઞાન પછીની અવસ્થા એટલે **પદસ્થ** અવસ્થા. આ ધ્યાન **આઠ** ગાથાઓમાં વર્ણવવામાં આવ્યું છે. અહીં કવિ આ ધ્યાનને ખૂબ જ વિશિષ્ટ રીતે વર્ણન કરે છે.

પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે તે જાણીને આકાશ માર્ગે જતાં ચારણમુનિઓ પણ ઊભા રહીને પરમાત્માને નમસ્કાર કરે છે. તેઓને કેવળજ્ઞાન મળ્યું છે તે જાણીને અન્ય દર્શનના ઋષિઓ પણ પોતાની સાધનને છોડીને પરમાત્માની સ્તુતિ કરવા લાગે છે. આકાશમાંથી એક પછી એક અપ્સરાઓનું વૃંદ પૃથ્વી પર આવી રહ્યું છે. આખી સભાની અંદર પ્રમાત્માની સામે અનેક પ્રકારના ઉત્સવનો માહોલ ઊભો થઈ જાય છે. મંત્રોચ્ચારો અને જયજયકારના ભક્તિભાવ વંદન અને વધામણી દ્વારા હૃદયપૂર્વક સ્તુતિને કવિએ સુમધુર રીતે વર્ણવી છે. આ ગાથાઓનું વિવેચન ૧૧મી સદીમાં અભયદેવસૂરિ મહારાજે કર્યું છે. જેની ખૂબ લાંબી ઉપકથા પણ ઉપલબ્ધ છે. આ ઉત્સવ સમયે અલૌકિક સમૃધ્ધિની વચ્ચે પણ પરમાત્મા તો અત્યંત નિર્વિકાર છે. પોતાના રાગ દ્વેષથી રહિત નિજભાવમાં બિરાજમાન છે. અત્યંત શુધ્ધ સિંહાસન ઉપર આ જગતને જીતવાનો માર્ગ બતાવવાની ગર્જના કરનાર ભગવાન બેઠા છે. આ રીતે કવિએ પદસ્થ ધ્યાન કવિએ બતાવ્યુ છે.

- **<u>રૂપાતિત</u>** :

છેલ્લી ત્રણેક ગાથાઓમાં પિંડસ્થ ધ્યાન એવા પરમાત્મા નિજ સ્વભાવમાં, અદોષ, પરમ કૃપાળું એવા પરમાત્માની રૂપાતિત અવસ્થાના વર્ણન સુધી લઈ જાય છે. પરમાત્માનું હાથી જેવા રૂપનું વર્ણન કરી એક પછી એક સાધના માર્ગને આગળ વધારતા એમના કેવળજ્ઞાનની વાત કર્યા પછી એમના નિર્વાણની વાત કરતા રૂપાતિત અવસ્થાનું વર્ણન કરે છે. તેઓને સંસારમાં કોઈ માયા નથી. તેઓ કરુણારસના ભંડાર છે. પોતે સિધ્ધિને પામેલા છે અને સિધ્ધિનો માર્ગ બતાવનારા છે. તેઓમાં એક પણ દોષ નથી, સંપૂર્ણ રીતે નિર્દોષ અવસ્થાને પ્રાપ્ત કરી છે. તેઓના ગુણો એટલા વિશેષ છે કે સર્વે પાપોથી મુક્ત છે. સિધ્ધત્વના પરમ જ્યોતિ સમાન બંને ભગવાનના ધ્યાનના માર્ગમાં આગળ વધતાં અલૌકિકતાનો અનુભવ થાય છે. તેઓની સગુણ ઉપાસના, નિર્ગુણ ઉપાસનના માર્ગે લઈ જાય છે જ્યાં કોઈ જ બંધન રહેતું નથી. આમ એક પછી એક ગાથાઓની અંદર પરમજ્યોતિરૂપ પરમાત્માના દર્શન થાય છે.

અંતે, ફલશ્રુતિમાં કવિ ખૂબ ઊંચાઈએ પહોચીને સંયમ ધર્મના ભંડાર સમા પરમાત્માના મહિમા દ્વારા રોગો, ભયથી ઉપર એવા સમાધિની પ્રાપ્તિ થાય, ત્રિભુવનમાં કિર્તિ અને મોક્ષની પ્રાપ્તિની વાત કવિએ કરી છે. આમ, નવસ્મરણના એક સ્ત્રોત તરીકે આ અજિતશાંતિસ્તવ અત્યંત મહત્વનો છે.

*****************************

JAIN SAHITYA ACADEMY TRUST